# સીબીએસઈ વેસ્ટઝોન તરણસ્પર્ધામાં દિલ્હી પબ્લિક સ્કૂલે નામ ઉન્નત કર્યું



## સ્કૂલની એક વિદ્યાર્થિની રાષ્ટ્રકક્ષાની તરણ સ્પર્ધા માટે પસંદગી પામી

સી.બી.એસ.ઈ વેસ્ટઝોન તરણસ્પર્ધાનું આયોજન એન.આર.આઈ. ગ્લોબ્ઝ ડિસ્કવરિ સ્કૂલ, ભોપાલ ખાતે થયું હતું. વેસ્ટઝોનની ૨૧૦ શાળાઓના ૧૧૫૦ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. દિલ્હી પબ્લિક સ્કૂલ,ગાંધીનગરની પાંચ વિદ્યાર્થીનીઓએ આ તરણસ્પર્ધામાં ભાગ લઈને વિભિન્ન શ્રેણીમાં ઈનામો પ્રાપ્ત કર્યાં હતાં. વિહા વ્યાસ( ૩ બ્રોન્ઝ,૧ સિલ્વર), નોયોનિકા સિરકર( ૨ બ્રોન્ઝ), સૌમ્યર્થા બિયાની (૨ બ્રોન્ઝ)વર્તિકા પાઠક( ૨ બ્રોન્ઝ) અને દિશા ટોકસે( ૧ બ્રોન્ઝ) વિજેતાપદ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. ઉલ્લેખનીય છે કે વિહા વ્યાસની પસંદગી રાષ્ટ્રકક્ષાની તરણસ્પર્ધા માટે કરવામાં આવી છે. શાળાના આચાર્ય અતનુ રથે શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થિનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### રોટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા ગાંધી જયંતીની અનોખી ઉજવણી કરાઈ

# 'પ્લાસ્ટિક મુક્ત ભારત' માટે અભિયાન



## નાગરિકોને પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી : પ્લાસ્ટિકના વિકલ્પરૂપે કપાસની બેગનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૯

રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે અને વડાપ્રધાન નરેદ્રભાઈ મોદીના પ્લાસ્ટિક મુક્ત ભારતની કલ્પનાને સાર્થક કરતા રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા બીજી ઓક્ટોબરથી એક સપ્તાહ સુધી અભિયાન ચલાવવામાં આવ્યું હતું. વિવિધ શાળાઓ, કોલેજો, જાહેર જગ્યા અને નવરાત્રીમાં ગરબે ઘૂમતા લોકોને માનવજાતનાં કલ્યાણ અને પર્યાવરણને બચાવવા પ્લાસ્ટિકનો ઉપયોગ નહિ કરવા સમજાવવામાં આવ્યા હતા અને પ્લાસ્ટિક મુક્ત ભારતના સ્વપ્નને સાર્થક કરવા સામુહિક પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સંસ્થા દ્વારા પ્લાસ્ટીક બેગના વિકલ્પરૂપે કપાસના રેસામાંથી બનાવેલી ૧૭૨૫ બેગનું વિનામૂલ્યે વિતરણ પણ કરાયું હતું. સમગ્ર પ્લાસ્ટિક મુક્ત અભિયાન દરમિયાન રોટરી વતી દિલીપભાઈ પટેલ, રાકેશભાઈ પારેખ, ધર્મેન્દ્ર પટેલ, જશવંત ગાંધી અને નીલેશ ગાંધી તથા રોટરી સભ્યોનો સહયોગ સાંપડ્યો હતો.

## જન્મદિને વધામણી



ડો. પિયુષ દવે
ટ્રસ્ટી, કલ્ચરલ ફોરમ
મો. ૯૬૨૪૦ ૦૪૩૮૦



પ્રભુદાસ ડી. પંડિત
કલાકાર અને કવિ
મો. ૯૪૨૭૫ ૫૧૩૨૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-૨૩, ગાંધીનગરના પ્રાંગણમાં "નવરાત્રી મહોત્સવ" ઉજવવામાં આવ્યો હતો.આચાર્ય ડૉ. ચેતના બૂચે સુપરવાઈઝર્સ શિક્ષક મિત્રો તેમજ સમગ્ર વિદ્યાર્થીગણની હાજરીમાં મા અંબાની આરતીથી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. પરંપરાગત વસ્ત્રોમાં આવેલા ૧૪૦૦ વિદ્યાર્થીઓ તથા શિક્ષકમિત્રો ડીજેના મનમૂકીને ગરબે ઝૂમ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુપરવાઈઝર મુકેશભાઈ પટેલ, બિપીનભાઈ પટેલ અને કનુભાઈએ કર્યું હતું.

### સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન યુનિવર્સિટીની વિનસ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફિઝિયોથેરાપીના

# વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૯

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપી, ગાંધીનગર ખાતે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઑરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડો.અર્થ પટેલ (ફાઉન્ડર ઓફ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટર) અને અતિથિવિશેષ તરીકે યુનિવર્સીટીના પ્રોવોસ્ટ ડો.બાલા ભાસ્કરન ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ ની શરૂઆત વિદ્યાર્થીઓ અને વાલીમિત્રોના સ્વાગત થી કરવામાં આવી હતી.

ડો. અર્થ પટેલે તમામ વિદ્યાર્થીઓને ફિઝિયોથેરાપી કારકિર્દી પસંદ કરવા માટે અભિનંદન આપ્યા હતા. તેમણે પોતાના મંતવ્યમાં ફિઝિયોથેરાપીમાં સ્ટાર્ટ-અપ કઈ રીતે થઈ શકે તે અંગે ખુબ જ પ્રેરણાત્મક માહિતી આપી હતી. ફિઝિયોથેરાપીની સુપરસ્પેશિયાલિટી પીડિયાટ્રિક ફિઝિયોથેરાપીમાં ન્યુરોડેવલપમેન્ટ ટેક્નિક (એનડીટી) દ્વારા શારીરિક ખોડ-ખાંપણવાળાં બાળકોને ઝડપથી રૂટિન લાઈફમાં સશક્ત કેવી રીતે બનાવી શકાય એના વિષે ચર્ચા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને આધુનિક જમાના પ્રમાણે, ફિઝિયોથેરાપીમાં પ્રોફેશનાલિઝમની જરૂરિયાત પર ભાર મુક્યો હતો.

વિનસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોથેરાપીના આદરણીય પ્રિન્સીપાલ ડો.અરવિંદ કુમાર ચૌહાણે પોતાના મંતવ્યમાં જણાવ્યું હતું કે, "ફિઝિયોથેરાપી માનવ શરીરની તંદુરસ્તીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસ જીવન દરમ્યાન સતત નવું શીખતાં અને જ્ઞાનમાં વૃદ્ધિ કેવી રીતે કેળવાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. એસોસિએટ પ્રોફેસર, ડો. સોહેલ કાદરીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, ફિઝિયોથેરાપી એ એક મેડિકલ સાયન્સ છે જે મલ્ટિડિસિપ્લિનરી ટીમનો ભાગ છે. તેની ૧૨ જુદી જુદી શાખાઓ છે જેમ કે ઓર્થોપેડિક ફિઝિયોથેરાપી, ન્યૂરોલોજી ફિઝિયોથેરાપી, કાર્ડીઓ રેસ્પિરેટરી ફિઝિયોથેરાપી, સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપી વિગેરે. આવનારા વર્ષોમાં લોકોની બદલાતી જીવનશૈલીને લીધે, બે લાખથી વધુ ફિઝિયોથેરપિસ્ટની જરૂર ભારત દેશમાં પડશે. મહાનુભાવોનાં વક્તવ્યો પછી, વિદ્યાર્થીઓ અને વાલીમિત્રોને કેમ્પસ વિઝીટ કરવામાં આવી હતી, જેમાં તેમણે ક્લાસરૂમ્સ,ઈન્ક્યુબેશન સેન્ટર, વિવિધ લેબ્સ, ઓપીડીની મુલાકત કરી હતી. કાર્યક્રમના અંતે, ડો. રૂચી સિંહાએ આભાર દર્શન કર્યું હતું.

# એસજી-એસવી અંગ્રેજી શાળામાં ક્લે વર્કની પ્રવૃત્તિ યોજવામાં આવી



એસ.જી. અને એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી ધોરણ-૧થી૪ના વિદ્યાર્થીઓ માટે ક્લે વર્કની પ્રવૃત્તિનું આયોજન થયું હતું. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ માટીમાંથી વિવિધ મૂર્તિઓ, શાકભાજીના નમૂના, ફૂલ તેમજ બીજી અનેક વસ્તુઓ બનાવી પોતાનું કૌશલ્ય દર્શાવ્યું હતું. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# બર્થડેટ, નામ અને અટકમાં ડીઈઓ સુધારા કરી શકશે

## વિદ્યાર્થીઓના શાળા છોડ્યાના પ્રમાણપત્રોમાંની નોંધોમાં ફેરફારોની સત્તા સ્થાનિક જિલ્લા શિક્ષણાધિકારીને અપાઈ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારનાં ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા બહુ મહત્વનો નિર્ણય લેવાયો છે. જે મુજબ હવેથી ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓ પણ પોતાનું નામ તથા અટક અને જન્મ તારીખમાં સુધારો સ્થાનિક જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએથી જ કરાવી શકશે. અત્યાર સુધી આવો સુધારો વર્તમાન જોગવાઈ મુજબ ધોરણ ૧૦ની પરીક્ષા બાદ કરાવી શકાતો ન હતો. જેના કારણે વિદ્યાર્થીઓ કે વાલીઓને કોર્ટ કચેરીના ધક્કા ખાવા પડતા હતા અને બહુ મોટી હાલાકીનો ભોગ બનવુ પડતુ હતું. પરંતુ હવે રાજયભરના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે બહુ આનંદના સમાચાર આવ્યા છે કે, ડીઈઓ કક્ષાએથી જ હવે જન્મતારીખમાં વિદ્યાર્થીના નામ, અટક સહિતના જરૂરી સુધારા શકય બની જશે. સરકારના પરિપત્રમાં જણાવ્યા અનુસાર, વિનિમય ૧૨(ક)(૬)ની જોગવાઈ ધ્યાને લીધી હતી. આ અંગે ગુજરાત શિક્ષણ બોર્ડના સભ્ય ડો. પ્રિયવદન કોરાટે જણાવ્યું હતું કે, કેટલાય કિસ્સાઓમાં મહિલાઓ વિધવા થતી હોય છે અને આવી મહિલાઓ ફરીથી લગ્ન પણ કરતી હોય છે. આવા કિસ્સાઓ ફરીથી લગ્ન કરેલી મહિલાના બાળકો કે જે ધોરણ ૧૧ અથવા તો ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે તેઓ પોતાની અટક નામ કે જન્મ તારીખમાં સુધારો કરી શકતા નહોતા. આવી સ્થિતિને કારણે આવા બાળકોને ભારે અન્યાય થતો હતો અને સામાજિક તથા આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. તો આ સિવાય પણ ઘણીવાર વિદ્યાર્થીઓના નામ, જન્મતારીખ કે અટકમાં ભૂલથી ખોટી વિગતો લખાઈ ગઈ હોય તો સુધારા કરવા ભારે મુશકેલભર્યુ કામ બની રહેતુ હતુ. કારણ કે, આવા સુધારા માટે કોઈ સરળ જોગવાઈ નહી હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓને કોર્ટ કચેરીના ધક્કા ખાવા પડતાં હતા અને બહુ જટિલ પ્રક્રિયામાંથી પસાર થવુ પડતુ હતુ પરંતુ હવે, વિદ્યાર્થીઓનાં નામ અટકમાં ફેરફાર અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ધોરણ- ૧૨ સુધી વિદ્યાર્થીઓનાં નામ, અટક અને જન્મ તારીખમાં લિવિંગ સર્ટિફિકેટમાં ફેરફાર કરવાની સત્તા સ્થાનિક જિલ્લા શિક્ષણ અધિકારીને સોંપવામાં આવી છે. પરિપત્ર અનુસાર વિનિમય ૧૨(ક)(૬)ની જોગવાઈ ધ્યાને લેતાં વિદ્યાર્થી ખરેખર શાળામાં હાલ ધો.૯ થી ૧૨ પૈકી કોઈપણ ધોરણમાં અભ્યાસ ચાલુ હોય તેવા કિસ્સામાં શાળા છોડ્યાના પ્રમાણપત્રમાંની નોંધોમાં ફેરફાર કરવાની સત્તા સ્થાનિક જિલ્લા શિક્ષણાધિકારીને રહેશે. અગાઉ આ કામગીરી માટે પૂરતા પુરાવા સાથે કોર્ટમાં જવું પડતું હતું. કોર્ટના ઓર્ડર બાદ ડીઈઓ તેમાં ફેરફાર કરી આપતા હતા. જેમાં છથી બાર મહિનાનો સમયગાળો લાગતો હતો.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચોખાનું વિતરણ








ગાંધીનગર, તા. ૯

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શોભાયડા, સુનોક, ગડાદર તથા ખારી મુકામે કુલ ૯ ગામનાં ૧૧૫ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ભૂતાવડ છાપરા, ધોલવણી છાપરા, મઠ બાલુન્દ્રા અને બાલુન્દ્રા પ્રાથમિક શાલાનાં બાળકોને અભ્યાસ સહાયક વસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. બે સ્કૂલના વિદ્યાર્થીઓ ઉપરાંત શિક્ષકોને હાઉસીની રમત રમાડી વિજેતાઓને ઈનામો પણ આપવામાં આવ્યાં હતાં. સમિતિ તરફથી બિપીન સોની, મિલિન્દભાઈ, યોગેશભાઈ અને ભીમજીભાઈ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.